

સ્વર્ગમાં નરકનાં દુઃખની ગંધ નથી, નરકમાં સ્વર્ગના સુખની ગંધ નથી,
સૂરજમાં અંધકાર નથી, પરમાણુમાં પીડા નથી,
આત્મામાં વિકાર નથી, આત્મામાં સંસારની ગંધ નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી


કહાન સં. ૨૦ સં. ૨૦૫૬ [૬૭૫] * **આત્મધર્મ** * [અંક-૭ વર્ષ-૫૬] વીર સં. ૨૫૨૬ જાન્યુઆરી-૨૦૦૦

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ આ શરીરાદિ દૃશ્ય પદાર્થ ચેતનારહિત જડ છે અને જે ચૈતન્યરૂપ આત્મા છે તે ઇન્દ્રિયો દ્વારા દેખાય તેવો નથી; તેથી હું કોના ઉપર રોષ કરું? અને કોના ઉપર રાજી થાઉં? એટલા માટે હું મધ્યસ્થ થાઉં છું—એમ અન્તરાત્મા વિચારે છે. ૬૦૬. *(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા–૪૬)*

❀ જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ અન્ય વસ્તુની બહાર જો કે લોટે છે તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે એમ માનવામાં આવે છે. (આચાર્યદેવ કહે છે કે—) આમ હોવા છતાં, મોહિત જીવ, પોતાના સ્વભાવથી ચલિત થઈને આકુળ થતો થકો, શા માટે ક્લેશ પામે છે? ૬૦૭.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૨૧૨)*

❀ હે વિદ્વજનો! ધન, મહેલ અને શરીર આદિના વિષયમાં મમત્વબુદ્ધિ છોડીને શીઘ્રતાથી કાંઈ પણ પોતાનું એવું કાર્ય કરો કે જેથી આ જન્મ ફરીથી પ્રાપ્ત ન કરવો પડે. બીજા સેંકડો વચનોના બાહ્ય ડોળથી તમારું કાંઈ પણ ઇષ્ટ સિદ્ધ થવાનું નથી. આ જે તમને ઉત્તમ મનુષ્ય પર્યાય આદિ સ્વહિત સાધક સામગ્રી પ્રાપ્ત થઈ છે તે ફરીથી પ્રાપ્ત થશે અથવા નહિ થાય એ કાંઈ નક્કી નથી અર્થાત્ તેનું ફરી પ્રાપ્ત થવું બહુ જ કઠણ છે. ૬૦૮.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક–૧૨૩)*

❀ જેવી રીતે મોજાંઓથી ઊછળતાં ભીષણ સમુદ્ર વચ્ચેથી અથાગ પ્રયત્નપૂર્વક તરતો કોઈ પુરુષ કિનારા સુધી આવ્યો અને કોઈ શત્રુ તેને ધક્કો દઈને પાછો સમુદ્રમાં હડસેલે; તેમ હે માતા-પિતા! દુર્ગતિના દુઃખોથી ભરેલાં આ ઘોર સંસાર-સમુદ્રમાં અનાદિથી ડૂબેલો હું વૈરાગ્ય વડે અત્યારે માંડ-માંડ કિનારા પર આવ્યો છું, તો ફરીને આપ મને એ સંસાર સમુદ્રમાં ન પાડશો, ઘરમાં રહેવાનું ન કહેશો. ૬૦૯. *(આચાર્ય શ્રી જટાસિંહનંદિ, વરાંગ ચરિત્ર, વર્ગ–૨૯, શ્લોક–૧૮)*

❀ જિસ સંસારમેં પૃથ્વીકો ઉલટાનેમેં, આકાશમાર્ગસે ચંદ્ર સૂર્યકો ઉતાર ફેકનેમેં, વાયુકો અચલ કરનેમેં, સમુદ્રકે જલકો પી ડાલનેમેં તથા પર્વતકો ચૂર્ણ કરનેમેં સમર્થ પુરુષ મૃત્યુકે મુખમેં પ્રવેશ કરતે હોં, વહાં દૂસરોંકી ક્યા સ્થિતિ હૈં? ઠીક હી હૈ જિસ બિલમેં વનોકે સાથ પર્વત સમા જાતા હૈ ઉસમેં પરમાણુકા સમા જાના કૌન બડી બાત હૈ? ૬૧૦. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૩૦૫)*

*

કહાન
સંવત-૨૦
વર્ષ-૫૬
અંક-૭
[૬૭૫]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૬
સં. ૨૦૫૬
JAN.
A.D. 2000

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુ-સ્વરૂપ આત્માનું ધ્યાન જ મુક્તિનું કારણ છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં.-૯૪)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, બીજા અધિકારની ૩૧મી ગાથા ચાલે છે.

વીતરાગ સદા આનંદરૂપ જે નિજ શુદ્ધાત્મા આત્મિક સુખરૂપ સુધારસના આસ્વાદથી પરિણત થયો છે તેના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદરત્નત્રય છે તેનો જે ભક્ત (આરાધક) તેના આ લક્ષણ છે.

જે રત્નથી મુક્તિ પ્રાપ્ત થાય એવા સાચાં રત્નત્રયની આ વાત છે. જે આત્મા અંતરમાં અતીન્દ્રિય આનંદથી પરિણત થયેલો છે એવા આત્માની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં આચરણરૂપ અભેદ રત્નત્રય છે તેના જે ભક્ત છે એવા ભક્તના લક્ષણ શું હોય છે તે અહીં કહેવાય છે.

જોકે વ્યવહારનયથી સવિકલ્પ અવસ્થામાં ચિત્તને સ્થિર કરવા માટે ભક્ત પંચપરમેષ્ઠીનું સ્તવન કરે છે કે જે પંચપરમેષ્ઠીનું સ્તવન દેવેન્દ્ર ચક્રવર્તી આદિની વિભૂતિનું કારણ છે અને પરંપરા શુદ્ધ આત્મતત્વની પ્રાપ્તિનું કારણ છે; આત્માની મોક્ષરૂપ વિભૂતિનું કારણ તો અભેદરત્નત્રય છે. શુભરાગ આત્માની મોક્ષરૂપ લક્ષ્મીનું કારણ નથી પણ શુભવિકલ્પ છૂટીને સ્વરૂપમાં સ્થિતિ થાય છે તેથી વ્યવહારનયે આ વ્યવહારને મોક્ષનું પરંપરા કારણ કહેવાય છે.

દૃષ્ટિ અને જ્ઞાન તો શુદ્ધ ચૈતન્યના થયા હોય પણ જ્યાં સુધી સ્વરૂપમાં સ્થિરતા ન થાય ત્યાં સુધી ધર્મીને વિકલ્પમાં આ પ્રકારનો—પંચપરમેષ્ઠીના ગુણસ્તવન, ધ્યાન આદિનો—રાગ આવે છે. તીર્થંકરાદિના સમવસરણનો—પુણ્યના ફળમાં પ્રાપ્ત વૈભવનો મહિમા નથી પણ તેમના આત્માના ગુણનો મહિમા આવે છે તેથી સ્તુતિ કરે છે. અરિહંતના, સિદ્ધના, આચાર્ય-ઉપાધ્યાય સાધુના આત્મિકગુણોનું સ્તવન એ પણ વિકલ્પ છે–રાગ છે પણ સ્વરૂપસ્થિરતા ન થાય ત્યાં સુધી એવો રાગ આવે છે.

પંચપરમેષ્ઠીના દ્રવ્યનું સ્તવન, ગુણનું સ્તવન, વચનથી તેમની અનેક પ્રકારે સ્તુતિ અને મનથી તેમના નામના અક્ષર તથા તેમનું રૂપ આદિ ધ્યાવવા યોગ્ય છે. આગળ 'વસ્તુસ્વવન' પણ આવી ગયું છે. વસ્તુ એટલે પોતાનો આત્મા અને ભગવાનના આત્માના ગુણગાન કરવા તે વસ્તુસ્તવન છે. આત્મા અનતં જ્ઞાન, અનંત આનંદ, અનંત પ્રભુતાનો સ્વામી છે એમ વસ્તુના ગુણગાન અથવા પંચપરમેષ્ઠીની વસ્તુના ગુણગાન એ શુભવિકલ્પ છે તેના ફળમાં ઇન્દ્ર, ચક્રવર્તી આદિની વિભૂતિ પ્રાપ્ત થાય છે. આ, સમ્યગ્દૃષ્ટિના શુભરાગમાં આવા ફળની પ્રાપ્તિની વાત છે, મિથ્યાદૃષ્ટિની વાત નથી.

પ્રથમથી જ આત્મા વીતરાગ શુદ્ધ નિર્વિકલ્પ વસ્તુ છે એવી અંતરમાં પ્રતીત થઈ છે, આત્માનું સમ્યગ્જ્ઞાન છે પણ સ્વરૂપમાં સ્થિરતાની દશા નથી ત્યારે આવી પ્રથમ દશામાં ધર્મીને વ્યવહારરત્નત્રયરૂપ ગુણસ્તુતિ આદિના વિકલ્પ હોય છે. વચનથી પણ અનેક પ્રકારે ગુણોની સ્તુતિ કરે છે અને ભગવાનના નામનું, ઓમ, સિદ્ધ આદિ અક્ષરનું ધ્યાન કરે છે. ભગવાનનું રૂપ અને સ્વરૂપ પણ પ્રથમ ભૂમિકામાં ધ્યાવવા યોગ્ય છે તોપણ પૂર્વોક્ત નિશ્ચયરત્નત્રયની પ્રાપ્તિના સમયે કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ પરિણત જે નિજ શુદ્ધાત્મા છે તે જ આરાધવા યોગ્ય છે.

અભેદરત્નત્રયના ભક્તનું ખરું આ લક્ષણ છે કે તેને નિજ શુદ્ધાત્મા જ આરાધવા યોગ્ય છે, કેવળજ્ઞાન એટલે જ્ઞાનરૂપે પરિણમેલો (જ્ઞાન સ્વરૂપ) આનંદરૂપે પરિણમેલો (આનંદ-સ્વરૂપ) પોતાનો આત્મા જ તેને આરાધ્યદેવ છે. અન્ય કોઈ તેને આરાધ્ય નથી. રાગ વિનાનો કેવળ જ્ઞાનરૂપ અને આનંદરૂપ આત્મા જ આરાધવા યોગ્ય છે. આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ અભેદરત્નત્રય છે.

જાણવા માટે નિશ્ચય અને વ્યવહાર બંને નય સમાન છે, આદરવા માટે એક નિશ્ચયનય જ છે, કેમ કે સ્વભાવભાવથી જ સ્વભાવની પ્રાપ્તિ થાય છે. સંયોગીભાવથી તો સંયોગ મળે છે, સ્વભાવ મળતો નથી માટે ધ્યાન કરવાયોગ્ય એક નિજ શુદ્ધાત્મા જ છે અને વચ્ચે વિકલ્પ આવે તો પંચપરમેષ્ઠી ધ્યાવવા યોગ્ય છે, અન્ય કોઈ ધ્યાન

કરવા યોગ્ય નથી. આઠમા ગુણસ્થાને શ્રેણી ચડે છે તેની આ વાત નથી. અહીં તો જે વિકલ્પમાં આવે છે અને ફરી સ્થિર થાય છે એવા છઠ્ઠા-સાતમા ગુણસ્થાનીની વાત છે.

અભેદરત્નત્રયનું ફળ મુક્તિ છે અને ભેદરત્નત્રયનું ફળ દેવેન્દ્ર, ચક્રવર્તી આદિના પદની પ્રાપ્તિ છે. જેટલો રાગ બાકી રહ્યો છે તેના ફળમાં અનુકૂળ સંયોગો મળશે, તેના પ્રત્યે લક્ષ જશે, તેને ભોગવવામાં અશુભભાવ થશે, તેમાં રોકાવું પડશે.

શ્રોતા :—શુભરાગ આવે છે તે શુદ્ધભાવનો પાડોશી ખરો કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના, ના. એ તો દૂર રહેલો છે અને શુદ્ધભાવથી શુભભાવની જાત જ જુદી છે. આ તો માત્ર એટલું જ બતાવવું છે કે શુદ્ધભાવમાં સ્થિરતા ન થાય ત્યાં સુધી વચ્ચે આવો શુભરાગ આવે છે. છઠ્ઠે-સાતમે અને ચોથે-પાંચમે ગુણસ્થાને પંચપરમેષ્ઠીના ગુણસ્તવન આદિનો રાગ આવે છે પણ તે મૂળ માર્ગ નથી. મોક્ષનો મૂળ માર્ગ તો અભેદરત્નત્રય જ છે.

આત્માના આશ્રયે પ્રગટેલી દશા જ મોક્ષનો માર્ગ હોય, પરના આશ્રયે થયેલી દશા મોક્ષનો માર્ગ નથી. જેટલો આત્માનો આશ્રય આવ્યો એટલું જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. જેટલો પરનો આશ્રય રહ્યો છે તે દોષરૂપ છે માટે કહ્યું કે નિશ્ચય-રત્નત્રયરૂપે પરિણત આત્મા જ નિર્વિકલ્પ દશામાં ધ્યાવવા યોગ્ય છે, નિજરૂપ જ ઉપાદેય છે.

આગળ ૩૨મી ગાથામાં કહે છે કે જ્ઞાની નિર્મળ રત્નત્રયને જ આત્મસ્વરૂપ માને છે અને પોતાને જ શિવ જાણે છે, તેઓ જ મોક્ષપદના ધારક થયા થકા નિજ આત્માને ધ્યાવે છે.

जे रयण-त्तउ णिम्मलउ णाणिय अप्पु भणंति ।
ते आराहय सिव-पयहँ णिय-अप्पा झायंति ॥३२॥

અહીં અભેદરત્નત્રયને નિર્મળ રત્નત્રય કહ્યાં છે અને વ્યવહાર રત્નત્રય છે તે મળવાળા છે. વ્યવહારદર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ મેલ છે, શુભરાગરૂપ છે, તેનાથી પુણ્યબંધ થાય છે.

અર્થ :—જે જ્ઞાની નિર્મળ રાગાદિ દોષરહિત રત્નત્રયને આત્મા કહે છે તે શિવપદના આરાધક છે અને તેઓ જ મોક્ષપદના આરાધક થયા થકાં પોતાના આત્માને ધ્યાવે છે.

જોયું! નિર્મળરત્નત્રયને જ 'આત્મા' કહ્યો છે. જે રાગાદિ થાય છે તે આત્મા

નથી એમ બતાવવા માટે નિર્મળ રત્નત્રયને જ આત્મા કહ્યો છે. જે અભેદરત્નત્રયને આત્મા માને છે તે જ શિવપદનો આરાધક છે. નિર્મળ રત્નત્રયરૂપ આત્માની પરિણતિ છે તે જ આત્મા છે એમ કહીને વિકલ્પ ઊઠે છે તે અનાત્મા છે એમ સિદ્ધ કરવું છે. આત્માની પોતાની નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રપરિણતિ તે જ આત્મા છે. આવો આત્મા જ પોતાના મોક્ષપદનો આરાધક છે, તેમાં વચ્ચે નિમિત્ત અને રાગની વાત જ અહીં કરી નથી.

ભાવાર્થ :—જે કોઈ વીતરાગ સ્વસંવેદનજ્ઞાની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ આત્માને માને છે તે જ મોક્ષપદના આરાધક થયા થકા નિશ્ચયનયથી કેવળ નિજરૂપને જ ધ્યાવે છે.

નિશ્ચયનયથી એકલા આત્માનંદને ધ્યાવે છે તે મોક્ષમાર્ગી છે. મોક્ષમાર્ગીજીવ-સ્વનું સંવેદન કરનારા જ્ઞાની દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલા આત્માને જ આત્મા માને છે.

પરમાત્મપ્રકાશમાં સાર...સાર માલ મૂક્યો છે.

આગળ એમ વ્યાખ્યાન કરે છે કે જે અનંત ગુણરૂપ રાગાદિ દોષ રહિત નિજ આત્માને ધ્યાવે છે તે નિશ્ચયથી શીઘ્ર જ મોક્ષને પામે છે.

अप्पा गुणमउ णिम्मलउ अणुदिणु जे जायंति ।
ते पर णियमें परम-मुणि लहु णिव्वाणु लहंति ॥३३॥

અર્થ :—જે કોઈ પુરુષ કેવળજ્ઞાનાદિ અનંત ગુણરૂપ, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મમળથી રહિત નિર્મળ આત્માને નિરંતર ધ્યાવે છે તે જ પરમ મુનિ નિશ્ચયનયથી નિર્વાણને શીઘ્ર પામે છે.

કેવળ જ્ઞાન એટલે એકલું જ્ઞાન–જેમાં રાગની ગંધ પણ નથી એવા કેવળજ્ઞાનસ્વરૂપ, શ્રદ્ધાસ્વરૂપ, શાંતિસ્વરૂપ, પ્રભુત્વસ્વરૂપ, આનંદસ્વરૂપ, અસ્તિત્વસ્વરૂપ એવા અનંત ગુણસ્વરૂપ નિર્મળ એટલે ભાવકર્મ જે શુભાશુભભાવ, દ્રવ્યકર્મ જે આઠ પ્રકારના જડકર્મ અને નોકર્મ જે શરીર, વાણી, મન...તેનાથી રહિત નિર્મળ આત્માને નિરંતર ધ્યાવે છે...अणुदिणु એટલે નિરંતર અથવા અનવરત ધ્યાવે છે–દિન દિન પ્રત્યે અથવા નિરંતર ધ્યાવે છે તે જ પરમમુનિ નિર્વાણને શીઘ્ર પામે છે. નિશ્ચયનયથી તેને મુક્તિ મળે છે.

ભાવાર્થ :—શ્રીગુરુનું આ કથન સાંભળીને પ્રભાકરભટ્ટે પૂછ્યું કે હે પ્રભો ! આપે કહ્યું કે જે નિજ શુદ્ધાત્માને ધ્યાવે છે તે જ મોક્ષ પામે છે, બીજાં નહિ, પરંતુ 'ચારિત્રસાર' આદિ ગ્રંથોમાં તો એમ કહ્યું છે કે જે દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું

ધ્યાન કરે છે તે કેવળજ્ઞાન પામે છે. તો આ વિષયમાં મને સંદેહ થાય છે. તેનું સમાધાન શું છે !

શિષ્ય ભણેલો છે એટલે પ્રશ્ન કરે છે. પ્રભુ ! તમે તો આત્માનું ધ્યાન...આત્માનું ધ્યાન જ કરવાનું કહો છો પણ બીજાં શાસ્ત્રમાં બીજી રીતે કથન છે તેનું શું ? શિષ્યે, પંચપરમેષ્ઠીના ધ્યાનથી શાસ્ત્રમાં મોક્ષ કહ્યો છે એ વ્યવહારનું કથન છે એ વાત તો સ્વીકારી લીધી છે પણ આ દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું ધ્યાન કરવાથી મોક્ષ કહ્યો છે તેનું શું ?

ત્યારે શ્રી યોગીન્દ્રદેવ સમાધાન કરે છે એમ ટીકાકાર પોતે યોગીન્દ્રદેવના નામે ખુલાસો કરે છે કે ચારિત્રસારાદિ ગ્રંથમાં દ્રવ્યપરમાણુ કહ્યો છે ત્યાં પરમાણુની વાત નથી પણ દ્રવ્યની સૂક્ષ્મતા કહી છે અને 'ભાવપરમાણુ' દ્વારા ભાવની સૂક્ષ્મતા કહેવામાં આવી છે. ત્યાં પરમાણુના ધ્યાનની વાત નથી. તત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ ટીકામાં પણ એવું જ કથન છે. દ્રવ્યપરમાણુથી દ્રવ્યની સૂક્ષ્મતા અને ભાવપરમાણુથી ભાવની સૂક્ષ્મતા સમજવી. અન્યદ્રવ્યનું કથન ન સમજવું. અહીં તો નિજ દ્રવ્ય અને નિજ ગુણપર્યાયનું જ કથન છે, અન્યદ્રવ્યનું પ્રયોજન નથી. અન્યદ્રવ્યનું લક્ષ કરવાથી તો વિકલ્પ ઊઠે છે, નિજ દ્રવ્યના ધ્યાનથી જ મુક્તિની પ્રાપ્તિ થાય છે.

સર્વજ્ઞપરમેશ્વરે જેવા આત્માને જોયો છે તેવા આત્માનું તું ધ્યાન કર ત્યારે તને મુક્તિ પ્રાપ્ત થાય. પરદ્રવ્યના ધ્યાનથી મુક્તિ ન થાય. ભગવાનના ધ્યાનથી પણ રાગ થાય, મુક્તિ ન થાય. ધવલ આદિમાં પરના ધ્યાનની વાત આવે છે તે વિકલ્પના કાળની વાત છે. જ્યારે સ્થિર થાય ત્યારે પરનું ધ્યાન હોતું નથી. ભગવાનનું ધ્યાન હોય ખરું પણ તેનાથી મુક્તિ ન થાય, પુણ્યબંધ થાય. મુક્તિમાં સ્વદ્રવ્યનું ધ્યાન જ કારણ થાય, એ સિવાય બીજું કોઈ કારણ હોઈ શકે નહિ. આમાં કોઈ ફેરફાર ચાલે તેમ નથી.

શિષ્ય ઓઘે ઓઘે માની લેનારો નથી. તેને બીજા શાસ્ત્રનું કથન યાદ છે કે ત્યાં દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુના ધ્યાનથી મોક્ષ કહ્યો છે અને અહીં તમે આત્માના ધ્યાનથી મોક્ષ કહો છો તેનો મારે મેળ કેવી રીતે કરવો ? એમ પૂછીને પોતાના સંદેહનું નિવારણ મેળવે છે કે ત્યાં પરમાણુ શબ્દથી સૂક્ષ્મતા કહેવી છે પોતાના જ આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયની સૂક્ષ્મતાના ધ્યાનથી મોક્ષ કહ્યો છે તેથી બંને કથન સમાન છે. પુણ્ય-પાપ વિનાની આત્મવસ્તુ દ્રવ્યે પરમ+અણુ હોવાથી દ્રવ્યપરમાણુ છે.

આત્મદ્રવ્ય રાગાદિ વિકલ્પની ઉપાધિથી રહિત છે તેને સૂક્ષ્મપણું કેવી રીતે છે એમ શિષ્યે પ્રશ્ન કર્યો તેનું સમાધાન આ છે કે મન અને ઇન્દ્રિયોથી અગોચર હોવાથી

આત્મા દ્રવ્યે સૂક્ષ્મ કહેવામાં આવે છે. આત્મદ્રવ્ય મનથી કે વિકલ્પથી કે ઇન્દ્રિયથી ગમ્ય થતું નથી માટે તેને સૂક્ષ્મ કહેવામાં આવ્યું છે અને ભાવપરમાણુ એટલે ભાવે સૂક્ષ્મતા એ રીતે છે કે આત્માના સ્વસંવેદન પરિણામ પણ પરમસૂક્ષ્મ છે, વીતરાગ નિર્વિકલ્પ પરમ સમરસીભાવરૂપ છે, તે મન અને ઇન્દ્રિયોને ગમ્ય નથી માટે આત્મા ભાવે સૂક્ષ્મ છે. વીતરાગી પરિણમનવાળું જ્ઞાનનું વેદન સૂક્ષ્મ હોવાથી તેને ભાવે સૂક્ષ્મતા અર્થાત્ ભાવપરમાણુ કહેવામાં આવે છે.

આમ, દરેક જગ્યાએ આત્માના આશ્રયે જ મુક્તિ કહી છે કારણ કે સ્વદ્રવ્યના આશ્રયથી જાતની ભાત પડે છે કે કાંઈ પરદ્રવ્યના આશ્રયથી સ્વમાં ભાત પડે ! સ્વદ્રવ્ય અનાદિ-અનંત એકરૂપ છે. નિગોદમાં પણ એવો ને એવો રહ્યો છે. અનંત ગુણસ્વરૂપ સ્વવસ્તુના આશ્રયે જ મુક્તિની ભાત પડે છે. વચ્ચે પંચપરમેષ્ઠી પ્રત્યે પૂજા, ભક્તિ, સ્તવનાદિ ભાવ હોય ખરાં, પણ તે મુક્તિનું કારણ નથી. જ્યાં સુધી આત્મામાં સ્થિરતા ન થાય ત્યાં સુધી એવા શુભભાવ આવે, પણ તે બંધનું કારણ છે.

આત્મદ્રવ્ય તો ઇન્દ્રિય અને મનથી અગોચર હોવાથી સૂક્ષ્મ છે પણ તેના વીતરાગ નિર્વિકલ્પ સમરસીભાવરૂપ પરિણામ પણ પરમસૂક્ષ્મ છે. જ્ઞાન, આનંદ શક્તિનું વેદન–ભાવથી સૂક્ષ્મ છે–પરમ સૂક્ષ્મ છે. આ એક સમયની વીતરાગી પર્યાય છે તે ભાવેસૂક્ષ્મ છે અને આત્મદ્રવ્ય દ્રવ્યે સૂક્ષ્મ છે. મન અને ઇન્દ્રિયો સંબંધી વિકલ્પ મરે ત્યારે વીતરાગપરિણતિ થાય છે માટે તે પણ મન અને ઇન્દ્રિયથી ગમ્ય નથી માટે સૂક્ષ્મ છે.

આ કથન સાંભળી ફરી શિષ્ય પ્રશ્ન પૂછે છે કે તમે પરદ્રવ્યના આલંબનરૂપ ધ્યાનનો નિષેધ કર્યો અને નિજ શુદ્ધાત્માના ધ્યાનથી જ મોક્ષ કહ્યો–આવું કથન ક્યાં કર્યું છે ? એમ કહીને આધાર માગે છે.

આ પ્રશ્નનું સમાધાન એ છે કે "अप्पा झायहि णिम्मलउ" નિર્મળ આત્માને ધ્યાવો એવું કથન આ જ ગ્રંથમાં આગળ કહ્યું છે, ગાથા ૯૭માં–તેમાં કહ્યું છે કે તું નિર્મળ આત્માનું ધ્યાન કર ! અન્ય પદાર્થોથી તારે શું પ્રયોજન છે ? દેશ, કાળ આદિ પદાર્થ તો જુદાં જ છે, તેનાથી કાંઈ પ્રયોજન નથી અને રાગાદિ-વિકલ્પજાળનાં સમૂહના પ્રપંચથી પણ કાંઈ ફાયદો નથી, એક નિજ સ્વરૂપના ધ્યાનથી ક્ષણમાત્રમાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

લોકોને તો દયા, દાન, વ્રત, ભક્તિથી ધર્મ થઈ જતો હોય તો ઠીક પડે–એમ માને છે પણ તેમાં તો વ્યવહારધર્મ પણ નથી કેમ કે દૃષ્ટિ જ વિપરીત છે. નિજદ્રવ્યની

દૃષ્ટિ થયા વિના પરદ્રવ્યના આલંબનને વ્યવહાર ક્યાંથી કહેવાય ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. આ તો એક સમયમાં વીતરાગ પરમદેવને જેવો આત્મા પ્રગટ્યો છે તેવો જ દરેકનો આત્મા છે, તેને શુભાશુભવિકલ્પથી રહિત શ્રદ્ધા, જ્ઞાન, રમણતામાં ધ્યાવવો તે મુક્તિનું કારણ છે. બાકી વચ્ચે જે શુભવિકલ્પ આવે છે તે પુણ્યબંધનું કારણ છે. શુભભાવ અને શુદ્ધભાવ બંને જુદાં જુદાં ભાવ છે, તેના ફળ પણ જુદાં છે અને બંનેની દિશા પણ જુદી છે.

શુભ અને શુદ્ધભાવની જાત એક જ હોય તો બે જુદાં ભાવ કેમ કહેવાય ! બંનેની જાત જુદી છે, વિષય પણ જુદાં છે. શુદ્ધભાવનો વિષય 'સ્વદ્રવ્ય' છે અને તેના ફળમાં મોક્ષ છે જ્યારે શુભવિકલ્પનો વિષય 'પરદ્રવ્ય' છે અને તેના ફળમાં બંધ અને સંયોગોની પ્રાપ્તિ છે. જ્ઞાનીને આ બંને ભાવ હોય છે પણ તેના વિષયમાં, ફળમાં અને દિશામાં ફેર છે. બંને ભાવ એક થઈ જતાં નથી.

શ્રોતા :—બે જુદાં ભાવ છે તો એક સાથે કેમ રહી શકે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાથે રહેવામાં વાંધો નથી. અનાજ અને કાંકરા સાથે રહે છે કે નહિ ! તેમ જ્ઞાનીને શુદ્ધભાવ અને શુભભાવ બંને સાથે હોય છે પણ જુદાંપણે જ રહે છે. પછી જ્યારે તદ્દન જુદાં પડી જાય ત્યારે એકલો શુદ્ધભાવ રહી જાય છે અને શુભભાવનો અભાવ થાય છે.

સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદસ્વામીએ પણ કહ્યું છે–''आत्मानम्'' અર્થાત્ જીવપદાર્થ પોતાના સ્વરૂપને પોતામાં જ પોતાથી કે ક્ષણમાત્ર પણ નિર્વિકલ્પ સમાધિપૂર્વક આરાધતો થકો સર્વજ્ઞ વીતરાગ થઈ જાય છે. પોતાના ષટ્કારક પોતામાં જ છે, બીજા ષટ્કારક શોધવા જવાની તારે જરૂર નથી. આત્મા જ કર્તા છે, આત્મા જ કર્મ છે, આત્મા જ સાધન છે, આત્મા જ સંપ્રદાન, આત્મા જ અપાદાન છે અને આત્મા જ પોતાનો આધાર છે. પ્રવચનસારમાં ૧૬મી 'સ્વયંભૂ'ની ગાથામાં જીવના નિર્મળ ષટ્કારક પોતામાં જ બતાવ્યા છે. બીજા ષટ્કારકને શોધવાની તારે જરૂર નથી. શુભાશુભવિકલ્પથી રહિત દૃષ્ટિમાં આખા આત્માને લઈ, તેમાં સ્થિરતા દ્વારા ષટ્કારકનું પરિણમન જીવ પોતે પોતાથી કરે છે માટે આત્મા 'સ્વયંભૂ' છે. વિકલ્પ કે વ્યવહારથી આત્માનો મોક્ષ થતો નથી.

આવી વાત એને કબૂલવી કઠણ પડે છે કેમ કે 'વ્યવહારથી કાર્ય થાય' એમ પોતે માને છે, મનાવે છે અને તેમાં જ તેને હોંશ છે પણ એમ વિચાર નથી કરતો કે પરનાં આશ્રયરૂપ વ્યવહાર તો અનાદિથી છે છતાં જીવનું હિત તો થયું નહિ. પરાશ્રિત વ્યવહાર તો અનાદિથી જેને રૂઢ છે એવા વ્યવહારમૂઢ જીવો નિશ્ચય અનારૂઢ

છે. તેને ખરો વ્યવહાર પણ નથી. જેને નિશ્ચય પ્રગટ થયો હોય તેને વ્યવહાર હોય, બાકી નિશ્ચય વિના વ્યવહાર કેવો! નિશ્ચય વિના તો જીવ વ્યવહારમાં મૂઢ છે. સમયસાર ગાથા ૪૧૩માં આ વાત આવે છે.

શ્રોતા :—ભગવાનને યાદ કરીએ તો ભગવાન થવાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતે પોતાનો જૂઠો બચાવ કરવા ભગવાનને યાદ કરે છે કે ભગવાનને યાદ કરવાથી મને મુક્તિ મળશે. પણ ભગવાન કહે છે કે તું મને ઓળખતો જ નથી તો યાદ શું કરવાનો હતો! તું પોતે ભગવાન છો, તને તું ભગવાનપણે યાદ કર ત્યારે ભગવાન થઈશ. બીજા સર્વને તો ભૂલી જાય પણ ભગવાનને પણ ભૂલીને પોતાને યાદ કરે ત્યારે ભગવાન થાય છે.

જે શુક્લધ્યાનમાં દ્રવ્યપરમાણુની સૂક્ષ્મતા અને ભાવપરમાણુની સૂક્ષ્મતા ધ્યાન કરવા યોગ્ય છે એવા શુક્લધ્યાનમાં નિજ વસ્તુ અને નિજ ભાવનો જ સહારો છે, પરવસ્તુનો સહારો નથી. સિદ્ધાંતમાં શુક્લધ્યાનના બે ભેદ કહ્યાં છે તે અવાંછિકવૃત્તિથી ગૌણરૂપે જાણવા, મુખ્યવૃત્તિથી ન જાણવાં. તેનું દ્રષ્ટાંત–જેમ, ઉપશમસમ્યક્ત્વનાં ગ્રહણ સમયે જે અધ:કરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના ભેદ કહ્યાં છે તેને જીવ વાંછાપૂર્વક કરતો નથી, સહજ થઈ જાય છે, તેને ખબર નથી કે આ અધ:કરણના પરિણામ છે, શુદ્ધિસ્વરૂપની સન્મુખતામાં કરણના પરિણામ સહેજે થઈ જાય છે.

તાત્પર્ય એ છે કે પ્રથમ અવસ્થામાં ચિત્તને સ્થિર કરવા માટે અને વિષય-કષાયરૂપ ખોટા ધ્યાનને રોકવા માટે, પરંપરા મુક્તિના કારણ એવા અરહંતાદિ પંચપરમેષ્ઠીનું ધ્યાન કરવાયોગ્ય છે. અશુભથી ખસવા માટે આ ઉપાય છે. પછી ચિત્ત સ્થિર થતાં મુક્તિનું કારણ જે નિજ શુદ્ધાત્મતત્વ છે તે જ ધ્યાવવા યોગ્ય છે. આ પ્રકારે સાધ્ય-સાધકભાવને જાણીને ધ્યાવવા યોગ્ય વસ્તુમાં વિવાદ ન કરવો. પંચપરમેષ્ઠીનું ધ્યાન વ્યવહારે સાધક છે અને આત્મધ્યાન સાધ્ય છે, આમ નિ:સંદેહ જાણવું.

ધ્યેય તો આત્મા જ છે પણ સાથે વ્યવહારમાં પંચપરમેષ્ઠીના ધ્યાનનો ભાવ આવે છે તેમાં વિવાદ ન કરવો. અંતે તેનું લક્ષ પણ છોડીને આત્માના લક્ષમાં આવે ત્યારે જ ધ્યાન જામે છે એ સિવાય નિર્વિકલ્પ ધ્યાન થતું નથી. (ક્રમશ:)

# જાગૃત અને અજાગૃત દશાનું સ્વરૂપ

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં.–૭૩)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે, તેમાં નિર્જરા દ્વારનું ૧૩મુ પદ્ય લેવાનું છે જેમાં બનારસીદાસજી જીવની શયન અને જાગૃતદશા કહેવાની પ્રતિજ્ઞાનું કથન કરે છે.

एतेपर बहुरौं सुगुरु, बोलैं वचन रसाल ।
सैन दसा जागृत दसा, कहैं जुहूंकी चाल ।।१३।।

અર્થ :—આમ છતાં ફરીથી કૃપાળુ સુગુરુ જીવની નિદ્રિત અને જાગૃતદશાનું કથન મધુર વચનોમાં કહે છે.

અજ્ઞાનમાં જીવની દશા કેવી થઈ રહી છે અને જ્ઞાન થતાં જીવની દશા કેવી થાય છે તેનું વર્ણન સુગુરુ મધુર વચનો દ્વારા કરે છે.

જીવની શયન અવસ્થા (સવૈયા એકત્રીસા)

काया चित्रसारीमैं करम परजंक भारी,
मायाकी संवारी सेज चादरि कल्पना ।
सैन करै चेतन अचेतना नींद लियै,
मोहकी मरोर यहै लोचनकौ ढपना ।।
उदै बल जोर यहै स्वासको सबद घोर,
विषै-सुख कारजकी दौर यहै सपना,
एसी मूढ दसामैं मगन रहै तिहूं काल,
धावै भ्रम जालमैं न पावै रूप अपना ।।१४।।

અનાદિથી જીવ અજ્ઞાનમાં સૂતો છે.

શ્રોતા :—હાલે-ચાલે છે તેને સૂતો છે એમ કેમ કહ્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેને પોતાના જ્ઞાન-આનંદસ્વરૂપનું ભાન નથી એવા જીવો શુભાશુભરાગ અને અજ્ઞાનમાં સૂતા જ છે. શુભ અને અશુભ બંને પ્રકારના વિકલ્પ ઊઠે છે તે આત્માનું સ્વરૂપ નથી, આસ્રવ છે, રાગ છે, વિકાર છે–વિભાવ છે. અનાદિથી અજ્ઞાની જીવો આ આસ્રવમાં સૂતા છે, પોઢેલાં છે.

અર્થ :—શરીરરૂપી મહેલમાં કર્મરૂપી મોટો પલંગ છે, માયાની પથારી સજેલી

છે, કલ્પનારૂપી ચાદર છે, સ્વરૂપની ભૂલરૂપ નિદ્રા લઈ રહ્યો છે, મોહની લહેરોથી આંખની પાંપણ ઢંકાઈ ગઈ છે, કર્મોદયની જોરાવરી એ નસકોરાંનો ઘુરકાટ છે, વિષયસુખના કાર્યો માટે ભટકવું એ સ્વપ્ન છે, આવી અજ્ઞાનદશામાં આત્મા સદા મગ્ન થઈને મિથ્યાત્વમાં ભટકતો ફરે છે પરંતુ પોતાના આત્મસ્વરૂપને જોતો નથી.

શરીરને મહેલની ઉપમા આપી છે, તેની અંદર કર્મરૂપી પલંગ પાથરેલો છે અથવા કર્મના નિમિત્તે થયેલા વિકારોનો પલંગ છે, તેમાં અજ્ઞાની સૂતો છે. રાગ અને શરીર વિનાના ચૈતન્યમહેલની તો એને ખબર નથી, તેથી રાગમાં જ પોઢી ગયા છે–મરી ગયા છે. ઘોર નિદ્રામાં સૂતા છે.

વળી એ શૈયા કેવી છે !–કે માયાથી સજાવેલી છે. લક્ષ્મી, વૈભવ આદિ બધી માયાજાળ છે. અજ્ઞાની તેને પોતાની માનીને અજ્ઞાનમાં સૂતો છે અને ઉપર કલ્પનારૂપી ચાદર ઓઢી લીધી છે. અનેક પ્રકારના સંકલ્પ અને વિકલ્પ કર્યા કરે છે. આનું આમ થશે, આમ કરવું છે એમ સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે, પરનું તો કાંઈ કરી શકતો નથી, મનમાં કલ્પના કર્યા કરે છે.

सैन करै चेतन अचेतना नींद लियैं। જ્ઞાન-દર્શનસ્વભાવ ચેતનાને ભૂલી અચેતન એવા રાગની નિદ્રામાં સૂઈ રહ્યો છે. ઊંધી શ્રદ્ધાને લીધે સમ્યગ્જ્ઞાનના નેત્રો પણ ઢંકાઈ ગયા છે. જે જ્ઞાન દ્વારા આત્માને જાણવો જોઈએ તે જ્ઞાનનેત્ર મિથ્યાત્વના કારણે બંધ થઈ ગયા છે. મોહમાં સુખ છે, રાગમાં સુખ છે, સામગ્રીમાં સુખ છે એવી મિથ્યામાન્યતાની નિદ્રા લઈ રહ્યો છે. તેથી મોહની લહેરોથી આંખની પાંપણ ઢંકાઈ ગઈ છે.

उदैबल जोर यहै खासकौं सबद घोर... જેમ ઊંઘમાં નસકોરાં બોલે છે તેમ અજ્ઞાનનિદ્રામાં કર્મના ઉદયના જોરથી વિકારના નસકોરાનો ઘોર અવાજ થાય છે. પુણ્યનો ઉદય હોય તેમાં ઘણી બધી ધનની ધૂળ ભેગી થઈ હોય એટલે આ જીવ મિથ્યાત્વમાં ઘૂરકે છે. તેમાં તેને મજા આવે છે. આ બધી બનારસીદાસજી ઉપમા આપે છે. નિદ્રામાં જેમ સ્વપ્ન આવે છે તેમ આ અજ્ઞાનીજીવને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખનું સ્વપ્ન આવે છે તેથી તેને માટે ભટકે છે. મીઠાં શબ્દ સાંભળીને કે માખણ જેવા સ્ત્રીના શરીર જોઈને તેમાં સુખ છે એવી કલ્પનારૂપ સ્વપ્ના તેને આવે છે. તેથી તેની પ્રાપ્તિ માટે ઝાવા નાંખે છે. પરદેશ કમાવા જવું, જ્યાં સુંદર શબ્દો મળે ત્યાં સાંભળવા જવું, રૂપને દેખું, રસ ચાખી લઉં, સુંવાળા શરીરના ભોગ લઉં, સુગંધ લઉં...એમ પરચીજમાં ઝાવા નાંખીને સુખની કલ્પના કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

एसी मूढ दसामें मगन रहै तिहूं काल... અજ્ઞાન-અવસ્થામાં આત્મા સદા ભ્રમથી

મિથ્યાત્વમાં લીન રહે છે. વિષયો માટે ભટકતો ફરે છે પણ પોતાના આત્મસ્વરૂપને જોતો નથી. નિજનિધાનમાં નજર જ કરતો નથી, ખબર પણ નથી કે મારી પાસે આવું ચૈતન્યનિધાન છે અને જ્યાં પોતાનું કાંઈ નથી એવા વિષયોમાં સુખની કલ્પનાથી દોડી રહ્યો છે એવો મૂઢ મિથ્યાદૃષ્ટિ પોતાના ખોટા લક્ષણથી જ ચારગતિમાં રખડી રહ્યો છે.

જુઓ ભાઈ ! આ સમજવાનું છે, બાકી ધૂળમાં કાંઈ નથી.

શ્રોતા :—ધૂળમાં કાંઈ નથી પણ ધનમાં માલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ધન જ ધૂળ છે, શરીર પણ ધૂળ છે અને અંદર શુભ અને અશુભભાવ થાય છે તે પણ ચૈતન્યની જાતિના નથી માટે અચેતન છે–ધૂળ છે. આમાં પણ કહ્યું ને ! अचेतना नींद लियैं... શુભ અને અશુભ વિકલ્પો અચેતન છે. શરીર તો પ્રત્યક્ષ રાખ થતું દેખાય છે તેથી શાસ્ત્રમાં તેને મૃતકકલેવર કહ્યું છે. દેહદેવળમાં ચૈતન્યમૂર્તિ બિરાજે છે તે દેહથી તો ભિન્ન છે પણ શુભાશુભરાગથી પણ સ્વભાવે ભિન્ન છે. એવા ચૈતન્યમૂર્તિનું ભાન નથી તે બધાં મૂઢ જીવો અજ્ઞાનમાં સૂતા છે. અંદરમાં શું ચીજ છે તે જોવાની નવરાશ પણ લેતાં નથી.

અજ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય-પાપ ઉપર છે તેથી ઉદયનું બળ છે એમ કહ્યું છે. આત્મબળ નથી ત્યાં ઉદયનું બળ છે.

આ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વમાં શું શું થાય તેનું વર્ણન 'શયન અવસ્થા'ના પદ્યમાં કર્યું. તે જીવ ભલે ત્યાગી હોય, સાધુ હોય કે ભોગી હોય પણ અંતરમાં જેને આત્મસ્વરૂપની ખબર નથી તે જીવો પુણ્ય-પાપના વિકલ્પોમાં જ ધર્મ માનીને મિથ્યાત્વમાં નિરાંતે સૂતા છે, આત્મા શું ચીજ છે તેની તો એને ખબર જ નથી.

હવે જીવની જાગૃતદશાનું વર્ણન કરે છે. જ્યારે જીવ જ્ઞાનદશામાં જાગૃત થાય છે કે અરે ! હું તો આનંદનું ધામ છું, વિકલ્પમાત્ર મારી ચીજમાં નથી એવી જેને જાગૃતદશા થઈ તેનું વર્ણન કરે છે.

જીવની જાગૃતદશા (સવૈયા એકત્રીસા)

चित्रसारी न्यारी परजंक न्यारौ सेज न्यारी,
चादरि भी न्यारी इहां झूठी मेरी थपना ।
अतीत अवस्था सैन निद्रावाहि कोउ पै,
न विद्यमान पलक न यामैं अब छपना ॥

स्वास औ सुपन दोऊ निद्राकी अलंग बूझै,
सूझै सब अंग लखि आतम दरपना ।
त्यागी भयौ चेतन अचेतनता भाव त्यागि,
भालै दृष्टि खोलिकैं संभालैं रूप अपना ॥१५॥

જેને ભગવાન પ્રથમ દરજ્જાનો ધર્મી—સમ્યગ્દષ્ટિ કહે છે તેની જાગૃતદશા કેવી હોય તેની વાત અહીં બનારસીદાસજી કરે છે.

અર્થ :— જ્યારે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું ત્યારે જીવ વિચારે છે કે શરીરરૂપ મહેલ જુદો છે, કર્મરૂપ પલંગ જુદો છે, માયારૂપ પથારી જુદી છે, કલ્પનારૂપ ચાદર જુદી છે, આ નિદ્રાવસ્થા મારી નથી–પૂર્વકાળમાં નિદ્રામાં પડેલી મારી બીજી જ પર્યાય હતી. હવે વર્તમાનની એક પળ પણ નિદ્રામાં નહિ વીતાવું, ઉદયનો નિઃશ્વાસ અને વિષયનું સ્વપ્ન–એ બંને નિદ્રાના સંયોગથી દેખાતાં હતાં. હવે આત્મરૂપ દર્પણમાં મારા સમસ્તગુણો દેખાવા લાગ્યાં. આ રીતે આત્મા અચેતનભાવોનો ત્યાગી થઈને જ્ઞાનદૃષ્ટિથી જોઈને પોતાનું સ્વરૂપ સંભાળે છે.

જ્યારે 'હું ચૈતન્ય જીવસ્વરૂપ છું' એવી અંતરદૃષ્ટિ અને તેનો અનુભવ થતાં તે જીવ સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાની થાય છે તે પોતાના જીવને કેવો માને છે?–કે હું શરીરરૂપ મહેલથી–માટીથી જુદો છું, એ મારામાં નથી અને હું તેનામાં નથી. શરીર તો અજીવ છે તે મારા દ્રવ્ય, ગુણમાં તો નથી પણ પર્યાયમાં પણ નથી અને તેના અજીવપણામાં મારું કાંઈ નથી. હવે જ્યાં શરીરમાં જ મારું કાંઈ નથી તો સ્ત્રી, પુત્રાદિ કુટુંબમાં મારું શું હોય !

અનાદિથી હું પુણ્ય-પાપકર્મનાં પલંગમાં સૂતો હતો પણ તે પલંગ પણ મારો નથી, હું તેનાથી જુદો છું. સર હુકમચંદ શેઠને ત્યાં સુવાના પલંગમાં સોનાના અક્ષરથી સજાવેલો હતો. પલંગને સજાવો કે ઘરને સજાવો પણ એ જીવના થાય છે? ધર્મી તો જાણે છે કે આ કોઈ ચીજ મારી નથી. જે ચીજ મારી હોય તે મારાથી કદી જુદી પડે નહિ. જે જુદી પડે છે તે ચીજ મારી નથી.

આ મારું અને આ તારું એવી જે કલ્પના અજ્ઞાનીજીવ કરે છે તેને જ્ઞાની જૂઠી જાણે છે. પરચીજમાં મારા-તારાના ભેદ પાડ્યા એ ખોટી કલ્પના છે. પરમાં એવા બે ભેદ જ નથી. પર તે પર જ છે. છતાં પૂર્વે અજ્ઞાનદશામાં હું પણ એવા ભેદ પાડતો હતો તે મારી અવસ્થા બીજી હતી. હવે તો મારી દશા જ ફરી ગઈ છે. નિદ્રા છોડીને હું જાગૃત થયો છું.

આઠ વર્ષની બાલિકા પણ જો સમ્યક્ત્વ પામે તો તેની આવી જાગૃતદશા થાય છે. સમ્યગ્દર્શન થતાં આવી દશા થાય છે. ચારિત્રની વાત તો પછી છે. સ્વરૂપમાં રમવું અને ઠરવું એવી ચારિત્રની દશા તો અલૌકિક છે પણ પ્રથમ દરજ્જાની ધર્મદશામાં ધર્મીને એમ થઈ જાય છે કે પૂર્વની નિદ્રાની દશા હતી તે દશા જ મારી નહિ એ અજ્ઞાન અવસ્થા હતી, મારું સ્વરૂપ એવું નથી. હું તો જ્ઞાનાનંદસ્વરૂપ છું એવું ભાન થયું તેથી પૂર્વની અવસ્થા જૂઠી હતી એમ તેને ખ્યાલમાં આવે છે.

ધર્મીને એમ થાય છે કે વર્તમાનની એક પળ પણ હું નિદ્રામાં એટલે કે અજ્ઞાનમાં નહિ વીતાવું. આ દયા, દાન, વ્રત, ભક્તિ રાગની એકતામાં હું એક પળ પણ નહિ વીતાવું. શુદ્ધ ચૈતન્યનું ભાન થયું એટલે વિકલ્પમાત્રથી વિરક્ત થઈ ગયો. બહારમાં સંયોગ તો દેખાય છે પણ અંતરમાં ધર્મીસંયોગ અને સંયોગીભાવથી તદ્દન જુદાં હોય છે. જેમ નાળિયેરમાં ગોળો અને કાચલી જુદાં છે તેમ ચૈતન્યગોળો અને શરીર તો જુદાં જ છે પણ કાચલી તરફની લાલ છાલથી પણ સફેદ મીઠો ગોળો જુદો છે તેમ શુભાશુભરાગની છાલથી શુદ્ધ આનંદકંદ ચૈતન્ય જુદો છે.

પર્વત ઉપર વીજળી ત્રાટકે અને પર્વતના બે ભાગ થઈ જાય તે રેણ દેવાથી ભેગાં ન થાય તેમ, રાગ અને શરીર તથા આત્માની વચ્ચે ધર્મીએ ભેદજ્ઞાનની એવી છીણી મારી છે કે તે હવે કદી ભેગાં ન થાય. અર્થાત્ ધર્મીને રાગમાં કે શરીરમાં એકત્વબુદ્ધિ ન થાય. અજ્ઞાનમાં ઉદય મારો ભાસતો હતો, વિષયમાં સુખ છે એમ લાગતું હતું તે હવે કદી લાગતું નથી.

હવે આત્મરૂપ દર્પણમાં મારા સમસ્તગુણો દેખાવા લાગ્યાં...સ્વરૂપના શ્રદ્ધા અને જ્ઞાનમાં ધર્મીને પોતાના અનંત ગુણોની સૂઝ પડે છે. રાગાદિ તે મારા નહિ પણ જ્ઞાનાદિ તે મારા ગુણ છે. રાગથી ભિન્ન પડેલાં મારા તત્વમાં તો અનંતગુણ વસેલાં છે એમ ધર્મીને દેખાવા લાગ્યું છે તેથી સર્વ અચેતનભાવોનો ત્યાગી થઈને નિજસ્વરૂપને સંભાળે છે. હું તો જ્ઞાનાનંદસ્વરૂપ છું એમ અનુભવતાં જ્ઞાની, જ્ઞાનાનંદધામની જ સંભાળ કરે છે. રાગ અને પરચીજને તો પોતાના જ્ઞાનમાં રહીને માત્ર જાણે છે કે આ પર છે. હવે ધર્મી તેની સંભાળ કરતા નથી.

વીતરાગમાર્ગમાં આવી દશાનું નામ ધર્મ છે, આ જ સમ્યગ્દર્શન છે.

પ્રભુ ! તારી ચીજમાં શાંતિ અને આનંદ ભરેલાં છે, રાગ તારા સ્વરૂપમાં નથી. આવા નિજસ્વરૂપને ભાવનારા ધર્મી રાગાદિના ત્યાગી છે, રાગાદિના સ્વામી નથી. જે શુભાશુભરાગના સ્વામી થાય છે તે જડ છે. ભેંસનો ધણી પાડો હોય તેમ પુણ્ય-પાપ

અને તેના ફળમાં મળતાં સંયોગોનો સ્વામી થાય છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ–જડ છે. ધર્મી તેના સ્વામી થતાં નથી તેથી ધર્મીને તેની સંભાળ કરવાની રહી નથી. બસ, હવે ધર્મી તો સ્વભાવની સંભાળ કરવામાં સાવધાન થઈ ગયા છે. રાગાદિ વિકલ્પના તો અંતરથી ત્યાગી થઈ ગયા છે. તેથી તેને સંભાળું કે રાખું એવી ભાવના રહી નથી.

પરદ્રવ્યની સંભાળ તો અજ્ઞાની પણ કરી શકતાં નથી પણ કલ્પના કરીને એમ માને છે કે હું બાયડી, છોકરાંને અને ધંધા આદિને સંભાળું છું. પરને તે શું સંભાળી શકે ! એ તો જગતની સ્વતંત્ર ચીજો છે તે સૌ પોતાના કારણે ટકીને બદલી રહી છે. તારે તો તારા આત્માને સંભાળવાનો છે. અજ્ઞાની મૂઢને કોણ પર છે અને કોણ સ્વ છે તેનું જ ભાન નથી. અજ્ઞાનથી પરને પોતાના માનીને સંભાળવાનો પ્રયત્ન કરે છે અને જે ખરેખર પોતાના છે એવા અનંત ગુણોને સંભાળતો નથી. અહા ! સ્વની સંભાળ નહિ અને પરને સંભાળવાની કલ્પના એ તો મૂઢતા છે.

હું તો શાંતિ, આનંદ આદિ અનંત ગુણનો નિધાન છું, રાગાદિ તે મારા નિધાનમાં નથી, મારા સ્વરૂપમાં નથી એવી જે જાગૃતદશા થઈ તેનું ફળ શું આવે છે તે હવેના ૧૬મા દોહરામાં બતાવે છે.

જાગૃતદશાનું ફળ

इहि विधि जे जागे पुरुष, ते शिवरूप सदीव ।
जे सोवहि संसारमैं, ते जगवासी जीव ॥१६॥

અર્થ :—જે જીવ સંસારમાં આ રીતે આત્મ-અનુભવ કરીને સચેત થયા છે તે હંમેશા મોક્ષરૂપ જ છે અને જે અચેત થઈને સૂઈ રહ્યા છે તે સંસારી છે.

અહા ! જેણે જ્ઞાનાનંદસ્વરૂપ નિજાત્માને જાણ્યો તેને ફળ શું મળ્યું ?–કે તેનો મોક્ષ થશે એમ નહિ પણ તે મોક્ષરૂપ જ છે. તે સમ્યગ્દૃષ્ટિ शिवरूप सदीव। સદા મોક્ષરૂપ જ છે કેમ કે રાગાદિ વિકલ્પથી ભિન્ન પોતાના સ્વભાવનો તેને આદર થયો છે તેથી ધર્મી રાગથી મુક્ત છે માટે સંસારથી પણ મુક્ત છે, તેનામાં સંસાર નથી.

અનંત અનંત ગુણનિધાન આત્માને જેણે રાગથી અને પરદ્રવ્યથી ભિન્ન કરીને જાણ્યો તે જીવ રાગથી અને પરથી ભિન્ન છે–મુક્ત છે અને જે જીવ પરચીજને અને રાગને પોતાનો માને છે તે જીવ બહિરાત્મા છે-મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જ સંસાર છે. જેની દૃષ્ટિ મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી રહિત દ્રવ્ય ઉપર ગઈ છે તે પર્યાયમાં પણ મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી રહિત મુક્ત થઈ જાય છે. દ્રવ્યમાં તો

અપૂર્ણતા પણ નથી તો રાગદ્વેષ તો ક્યાંથી હોય ?

લોગસ્સમાં આવે છે ને ! विहूये रयमला એટલે ભગવાને રજ અને મળને ટાળ્યાં છે. તેના બદલે બીજો અર્થ કરે છે તેને અર્થની પણ ખબર નથી તો ભાવની ખબર ક્યાંથી હોય !

જાગૃત જીવ સદાય મુક્ત જ છે. વ્યવહારથી અને નિમિત્તથી મુક્ત થયો તેને કોઈની સાથે હવે સંબંધ રહ્યો નથી. સ્વભાવ સાથે સંબંધ થતાં આસ્રવતત્ત્વ સાથે સંબંધ છૂટી ગયો. આસ્રવનો સંબંધ છૂટ્યા વિના આત્માનું દર્શન, જ્ઞાન થાય જ નહિ.

ઈન્દ્રોની ઉપસ્થિતિમાં વીતરાગ પરમેશ્વરની વાણીમાં આવા ધોધ આવતાં હતાં, સીમંધર પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે તેમની વાણીમાં પણ આ જ વાત આવે છે.

જે જાગૃત થયો તેને એમ થાય છે કે હું તો અચેતનનો ત્યાગી છું અને ચેતનનો ભોગી છે. રાગાદિનો ત્યાગી છું અને સ્વભાવનો ભોગી છું. જે રાગનો કર્તા નથી તેને રાગનો સંબંધ નથી અને રાગનો ભોગ પણ નથી. આસ્રવ એ જુદું તત્ત્વ છે, તેને અને અજીવતત્ત્વને એક માનવા તે મિથ્યાત્વ છે. જુદાં તત્ત્વને જુદાં માનવા તે સમ્યક્ત્વ છે. અજાગૃત એવી રાગના સંબંધવાળી દશા છૂટ્યા વિના સ્વભાવ સાથે સંબંધરૂપ જાગૃતદશા પ્રગટ થતી નથી.

जे सोवहि संसारमैं, ते जगवासी जीव। જે અચેત બનીને સંસારમાં સૂતો છે તે સંસારમાં જ રખડે છે, નરક અને નિગોદમાં રખડે છે અને જે સંસાર અને સંસારીભાવથી છૂટો પડી ગયો તે જીવ સદૈવ મુક્ત છે.

આમ, જાગૃત અને અજાગૃતજીવની દશાનું ફળ બતાવી દીધું. હવે, આત્મ-અનુભવ ગ્રહણ કરવાની શિખામણ ૧૭મા પદ્યમાં આપશે. *(ક્રમશઃ)*

*

**❀ રાગને પોતાનો માને એ તો મિથ્યાદૃષ્ટિ છે જ. ❀**

આહાહા ! પોતે જ સર્વજ્ઞ સ્વરૂપ છે, પરિપૂર્ણ સ્વરૂપથી ભરેલો પોતે જ સર્વજ્ઞ સ્વભાવી છે. જ્ઞાન, આનંદ આદિ અનંત રત્નોથી ભરેલો રત્નાકર ભગવાન પોતે જ છે, એને અપૂર્ણ અલ્પજ્ઞ પર્યાયવાળો માનવો એ પણ મિથ્યાભ્રમ છે તો રાગને પોતાનો માને એ તો મિથ્યાદૃષ્ટિ છે જ.

*—મિથ્યાત્વ-વિમુક્ત કરાવનાર ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિપથપ્રદર્શક
# અધ્યાત્મ-તત્ત્વચર્ચા

*❀ શ્રોતા :—આપ અમને દિવ્ય શક્તિશાળી મંત્ર આપો, જેના રટણથી કલ્યાણ થઈ જાય.*

પૂજ્ય બહેનશ્રી :—હું તો એક જ મંત્ર આપું છું. કહેવાનું એક જ છે કે, જ્ઞાયકનું કરવું. જ્ઞાયક છું–જ્ઞાયક છું તે મહામંત્ર છે. નિરંતર તેનું રટણ કરવા જેવું છે. તત્ત્વસ્વભાવથી તેને ઓળખવો તે મૂળ છે. તે ન થાય ત્યાં સુધી તેનું રટણ કરવું કે હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું. આ શરીર તે હું નથી, વિભાવની બધી પર્યાયો મારા સ્વરૂપે નથી.

હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એમ વારંવાર તે ચૈતન્યઘર તરફ દૃષ્ટિ દેવાની છે. ત્યાં જ પરિણતિને લઈ જવાની છે. તે કરવાથી–તેના ઉપર ધ્યાન આપવાથી– વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ શુદ્ધાત્મતત્ત્વ પ્રગટ થાય છે. આ પ્રયાસ જ કરવા જેવો છે.

જીવનને ચૈતન્યમય બનાવી દેવું, તે કરવાનું છે. હું શરીરમય નથી, રાગમય નહિ, વેદનામય નથી. જે ધ્યેયથી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી તે ધ્યેય રાખવું. એક ચૈતન્યમય જ જીવન બનાવવું તે કરવાનું છે.

અંદર ચૈતન્યની સ્વાનુભૂતિ થાય તે વાત જુદી છે, પણ સ્વાનુભૂતિ ન થાય ત્યાં સુધી ભાવનામય જીવન બનાવવું. ચૈતન્ય વગર ચેન પડે નહિ એવું જીવન બનાવી દેવું. ચૈતન્યના ચિંતવન વગર, ચૈતન્યની વાર્તા વગર, ચૈતન્યના શ્રવણ વગર, ચૈતન્યની સ્વાધ્યાય વગર ક્યાંય ચેન ન પડે તેવું જીવન બનાવી દેવું. બસ, એ જ ભાવના ને એનો જ પુરુષાર્થ થાય તો સ્વાનુભૂતિ થાય. ચૈતન્યદેવ પ્રગટ થાય તે તો જુદી જ વાત છે, છતાં તે ન થાય તો તેની ભાવનામય જીવન બને તે પણ સારું છે. બીજે બધેથી દૃષ્ટિ ઉઠાવીને ચૈતન્યમય જીવન બનાવવું. બહારમાં ક્યાંય રોકાવા જેવું નથી. બસ, એક ચૈતન્યમાં જ આનંદ છે, તેમાં જ જ્ઞાન છે. એવા જ્ઞાયકદેવનું સ્મરણ કરવું, સાથે દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવાં.

*❀ શ્રોતા :—આત્મપ્રાપ્તિ કરવામાં ધીરજ ન ખૂટે અને તીવ્ર લગની થાય તેના માટે કેવા પ્રકારનો પ્રયાસ કરવો જોઈએ?*

પૂજ્ય બહેનશ્રી :—આ એક જ પ્રયાસ કરવાનો છે. અનાદિકાળથી અભ્યાસ

બધો બહારનો છે તેથી અંદરમાં ઊતરવા માટેનો પ્રયાસ કરવાનો છે. આત્માને ઓળખવાનો જ પ્રયાસ કરવાનો છે. તે વિચારમાં ઝાઝો ટકી ન શકે તો શાસ્ત્ર-સ્વાધ્યાય કરે, તેમાં ન ટકી શકે તો શ્રવણ કરે. આમ શુભભાવના પ્રકારને બદલ્યા કરે, પણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી શુભમાં રહે, છતાં ભાવના તો શુદ્ધની રાખે. કરવાનું તો આ જ છે. ધ્યાન કરે તો તેમાં શાંતિ લાગે, પણ અંતરની શાંતિ તો જુદી જ છે.

વિકલ્પની જાળથી છૂટીને અંતરમાંથી જે આત્મા પ્રગટ થાય છે તે આત્મા જાગૃત છે. અન્યમતિ કહે છે કે વિકલ્પ છૂટતાં આત્મા શૂન્ય થઈ જાય છે, પણ તેમ નથી. વિકલ્પ તૂટતાં વિશેષ જાગૃત થાય છે. આત્મામાં અનંતા ગુણો ભર્યા છે. ચૈતન્ય તત્ત્વમાં અનંતતા ભરેલી છે. તે આનંદાદિ અનંત ગુણોનું વેદન તેને સ્વાનુભવમાં થાય છે. હું વિકલ્પ છોડું, વિકલ્પ છોડું એમ કર્યા કરે તો વિકલ્પ છૂટતા નથી. પોતાની અંતરની યોગ્યતા પ્રગટ થાય તો વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પથી અતિક્રાન્ત થઈ સ્વાનુભૂતિની દશા પ્રાપ્ત થાય છે ત્યારે જ ખરી શાંતિ થાય છે.

જ્યાં સુધી ખરી શાંતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો કે આ જે વિકલ્પ આવે છે તેનાથી હું જુદો છું. ક્ષણે ક્ષણે આ જ અભ્યાસ કર્યા કરે કે આ જે શુભાશુભ ભાવો આવે છે તેનો જાણનાર હું જુદો છું. પ્રયાસની શરૂઆત ભેદજ્ઞાનના અભ્યાસથી થાય છે. ગમે તે વિકલ્પ આવે, શુભભાવ આવે કે અશુભભાવ આવે, તે મારું સ્વરુપ નથી. જેવા સિદ્ધ ભગવાન છે એવો જ હું છું. હું તો શુદ્ધ, નિર્મળ એકરૂપ તત્ત્વ છું.

જેમ સ્ફટિક નિર્મળ છે તેમ હું નિર્મળ છું. સ્ફટિકમાં જેમ ઉપર લાલ-પીળાં પ્રતિબિંબ પડે છે તે સ્ફટિકનો મૂળ સ્વભાવ નથી, તેમ હું નિર્મળ છું. મારા મૂળ સ્વભાવમાં આ વિભાવો પ્રવેશ પામ્યા નથી. હું તો શુદ્ધ જ છું, નિરાળો છું. આવા નિરાળાપણાનો–ભેદજ્ઞાનનો–અભ્યાસ કરવો. આ પ્રથમ ઉપાય છે.

હું જાણનાર છું, જ્ઞાયક છું, આ શરીર મારું નથી, જડ છે. આ મન પણ મારું નથી. આ વિકલ્પ તે મારો સ્વભાવ નથી. ભલે તે થાય છે મારી પર્યાયમાં–તે કાંઈ જડમાં થતો નથી કે જડ કરાવતું નથી, મારા પુરુષાર્થની નબળાઈથી થાય છે. તો પણ મારો સ્વભાવ નથી. હું તો જુદો જ્ઞાયક છું. એવો જ અભ્યાસ કર્યા કરે તે પહેલો ઉપાય છે. જેને હજી આ અભ્યાસ પણ નથી તેને તો સ્વાનુભૂતિ થવી મુશ્કેલ પડે છે.

આ અભ્યાસ એકાંતમાં બેસીને કરે તો જ થાય એમ નથી. આ અભ્યાસ તો

ગમે ત્યારે થઈ શકે એમ છે. અને તે ક્ષણે ક્ષણે કર્યા જ કરવાનો છે; છતાં એમ ન થાય તો ધીરે ધીરે કરે; પણ એ રીતે ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા કરવાનો છે.

જેમ પાણી સ્વભાવથી શીતળ છે, તે અગ્નિના નિમિત્તે ગરમ થાય છે તો પણ તેનો સ્વભાવ તો શીતળ જ છે. તેમ હું તો સ્વભાવે શીતળ છું. કર્મના સંયોગમાં મારી પોતાની નબળાઈથી જોડાણ થાય છે, પણ તે મારો સ્વભાવ નથી.

આવો ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં જ્ઞાયકમાં એકાગ્રતા થાય તો આત્માની સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ બને છે.

❀ *શ્રોતા :—દ્રવ્ય મોજૂદ છે તો પણ દેખાતું કેમ નથી?*

પૂજ્ય બહેનશ્રી :—દ્રવ્ય તો સદા વ્યક્ત જ છે; પણ પોતે તેના ઉપર દૃષ્ટિ કરતો નથી તેથી દેખાતું નથી. અનાદિની દૃષ્ટિ પર તરફ છે તેથી બીજું બધું દેખાય છે, પણ પોતે પોતાને દેખતો નથી.

દ્રવ્ય મોજૂદ છે છતાં અનાદિની ભ્રાન્તિને લીધે તેને દેખાતું નથી. પોતે જ છે, તો પોતે પોતાનાથી છાનો કેમ રહે? પોતે પોતાથી છાનો નથી. તે સ્વયં છે, સાક્ષાત્ છે, જ્ઞાયક પોતે જ છે, બીજો નથી.

આ તો પોતે પોતાને દેખતો નથી તેના જેવી વાત છે. કોઈ કહે કે હું મને દેખતો નથી પણ જે જાણનારો છે તે પોતે જ છે. આ બધું કોણ જાણી રહ્યું છે? જે જે કાર્યો થાય છે, બધા વિકલ્પો આવે છે તેને જાણે છે કોણ? ગયા કાળમાં, વર્તમાનમાં ને ભવિષ્યમાં જે પ્રસંગો બન્યા, બને છે ને બનશે તેનું પોતાને અંદરમાં સ્મરણ રહે છે, યાદગીરી રહે છે, તો પોતે અસ્તિ ધરાવે છે તે નક્કી થાય છે. હું કોણ છું? હું તો શાશ્વત ટકતો આત્મા છું. બહારનું બધું પલટી જાય છે, હું પોતે તો શાશ્વત રહું છું.

જાણનારની દોરી એમ ને એમ ચાલુ જ રહે છે. એક પછી એક પર્યાયને ગ્રહણ નહિ કરતાં, તેમાં જે શાશ્વતો છે તે જ પોતે છે; પણ ભ્રાન્તિને લઈને ભૂલી ગયો છે કે હું મને દેખાતો નથી. પોતે જ પોતાની શંકા કરે એ અચરજની વાત છે. અજ્ઞાનથી પોતે પોતાની હયાતીને—અસ્તિત્વને ભૂલી ગયો છે.

[તા. ૬-૧-૨૦૦૦]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમજ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ | : શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ઉપર પુરુષો માટેનો શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-વાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન |

**ધાર્મિક શિક્ષણવર્ગ :—** ડિસેમ્બરની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૯ થી તા. ૨-૧-૨૦૦૦ —દસ દિવસ સુધી અધ્યાતમસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં અધ્યાત્મતત્ત્વજ્ઞાનપ્રધાન ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન રાખવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીના અન્તેવાસી બાલબ્રહ્મચારી શ્રી ચન્દુલાલ ઝોબાલિયાએ ઉત્તમ વર્ગમાં પ્રવચનસાર—જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપનની ગાથા ૧૦ તથા જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપનની ૯૩મી ગાથા ઉપર શિક્ષણ આપ્યું હતું અને બાલબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહે મધ્યમ વર્ગમાં જૈન સિદ્ધાંતપ્રશ્નોત્તરમાળા તેમજ મોક્ષમાર્ગપ્રકાશક પર શિક્ષણ આપ્યું હતું.

**ઋષભ—નિર્વાણપર્વ :—** પોષ વદ ૧૪, શુક્રવાર, તા. ૪-૨-૨૦૦૦ના રોજ પરમપૂજ્ય શ્રી આદિનાથ ભગવાનના વિશાળ વીતરાગભાવવાહી મનોજ્ઞ જિનબિમ્બ સમક્ષ (નન્દીશ્વરજિનાલયમાં) 'શ્રી ઋષભનિર્વાણ' વાર્ષિક પર્વ પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

**બહેનશ્રી—૬૮મી સમ્યક્ત્વજયન્તી :—** પ્રશમમૂર્તિ સમ્યક્ત્વરત્ન પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની આગામી ૬૮મી 'સમ્યક્ત્વજયન્તી' વિ. સં. ૨૦૫૬, ફાગણ વદ ૬, રવિવાર, તા. ૨૬-૩-૨૦૦૦ થી ફાગણ વદ ૧૦, ગુરુવાર, તા. ૩૦-૩-૨૦૦૦ સુધી 'પંચાહ્નિક બહેનશ્રી સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ'ના રૂપમાં રાજકોટનિવાસી શ્રી વસંતબેન પ્રભુલાલ પારેખ-પરિવાર તરફથી સુવર્ણપુરીમાં અતિ-આનન્દોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. વિસ્તૃત સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.

## વૈરાગ્ય-સમાચાર :—

લંડનનિવાસી શ્રી હંસરાજ દેવરાજ શાહના ધર્મપત્ની લલીતાબેન (વર્ષ-૭૨) તા. ૮-૮-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કોડરમાનિવાસી બનારસીદેવી સેઠી (વર્ષ-૮૨) તા. ૨૭-૧૧-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુળીનિવાસી (હાલ-ગોરેગાંવ) સ્વ. ચુનીલાલ મોરારજીભાઈના ધર્મપત્ની ચંપાબેન (વર્ષ-૯૫) (તે શ્રી જશવંતીબેન નગીનદાસ ડગલીના માતુશ્રી તથા સ્વ. ચુનીલાલ હરીચંદ શાહના બેન) તા. ૪-૧૨-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

દાદર(મુંબઈ)નિવાસી શ્રી કાંતાબેન કેવળચંદ શાહ-ઝવેરી (વર્ષ-૮૪) (તે શ્રી ચંદ્રકાંતભાઈ તથા ભૂપતભાઈના માતુશ્રી) તા. ૧૦-૧૨-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી શ્રી ખેતશીભાઈ પોપટભાઈ શાહ (વર્ષ-૯૨) તા. ૧૩-૧૨-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ૩૧ વર્ષ સુધી જામનગર મંડળના પ્રમુખ તરીકે ઘણી સેવા આપેલી. તેઓ તત્વાભ્યાસી, વાંચનકાર તથા ધર્મકાર્યમાં ઉત્સાહી હતા.

રાજકોટનિવાસી શ્રી વિનોદભાઈ વાલજીભાઈ મહેતાના ધર્મપત્ની શ્રીમતી દિવ્યાબેન (વર્ષ-૪૯) તા. ૧૫-૧૨-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વવાણિયાનિવાસી સ્વ. ધારશીભાઈ જટાશંકર મહેતાના પુત્ર શ્રી નવીનચંદ્ર અમેરિકા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દિવાળી પર સોનગઢ દર્શન કરવા આવ્યા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

❀ આ જગત ઈન્દ્રજાળ તથા કેળના સ્તંભ સમાન કેવળ નિઃસાર છે, એ શું તું નથી જાણતો–? નથી સાંભળ્યું–? વા પ્રત્યક્ષ નથી દેખાતું–? હે જીવ–! આપ્તજનોના મરણ પાછળ શોક કરવો એ નિર્જન અરણ્યમાં પોક મૂકવા સમાન વ્યર્થ છે. જે ઉત્પન્ન થયો છે તે મરશે જ. મરણના સમયે તેને કોણ બચાવી શકે તેમ છે–? છતાં મૂર્ખ મનુષ્ય સંબંધીજનોના મરણ પાછળ શોક કરે છે એ જ અનાદિ કાલીન મોહની ઘેલછા છે. *(શ્રી આત્માનુશાસન)*

ટ્રસ્ટ નોંધણી નંબર A-૯૦૨ ભાવનગર

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ

### ૩૧મી માર્ચ ૧૯૯૯ના રોજ પૂરા થતાં વર્ષનાં આવક-ખર્ચના હિસાબ

| ૧૯૯૭-૯૮ | આવક | ૧૯૯૮-૯૯ | ૧૯૯૭-૯૮ | ખર્ચ | ૧૯૯૮-૯૯ |
|---|---|---|---|---|---|
| ૭૩૫૮ | શ્રી ભાડા ખાતે | ૬૦૬૬ | ૧૧૧૮૬૨ | શ્રી મિલ્કત મરામત ખર્ચ | ૨૨૧૫૩૧ |
| ૩૯૮૮૨૫ | શ્રી વ્યાજ ખાતે | ૩૭૫૮૩૪ | ૪૭૫ | શ્રી વીમા પ્રીમીયમ | ૫૬૯૪ |
| ૭૭૧૬૪૦ | શ્રી ડિવીડન્ડ ખાતે | ૮૯૦૯૯૫ | ૫૬૬૪૯ | શ્રી વહીવટી ખર્ચ | ૪૯૩૭૧ |
| ૨૫૦૦ | શ્રી અન્ય વ્યાજ | ૧૬૮૮ | ૯૦૦૦ | શ્રી ઓડીટ ખર્ચ | ૧૪૦૦૦ |
| ૭૭૭૧૪૯ | શ્રી દાન ખાતે | ૯૨૨૦૪૦ | ૩૦૮૦૯ | શ્રી ચેરીટી કમીશ્નર ફાળો ફી | ૩૦૪૦૧ |
| ૨૯૯૩૭૬ | શ્રી ગુપ્ત ભંડાર | ૩૧૦૦૩૧ | --- | શ્રી કાનુની ખર્ચ | ૧૧૮૦૦ |
| ૨૧૫૦૪ | અન્ય આવક | ૨૨૯૦૦ | ૭૨૬૫ | શ્રી અન્ય ખર્ચ | ૮૩૩૨ |
| ૨૨૭૮૩૫૨ | | ૨૫૨૯૫૫૪ | ૩૮૨૫ | શ્રી વ્યાજ | ૯૫૬૩ |
| ૩૬૧૮૮૫ | કાયમી ફંડો ખાતેથી ટ્રાન્સફર | ૫૦૦૬૬૦ | ૪૫૫૦૭૮ | શ્રી રીઝર્વ ફંડ ખાતેથી ટ્રાન્સ. | ૭૭૦૭૩૨ |
| | | | ૧૩૦૪૫૫૦ | શ્રી હેતુઓ અંગેનું ખર્ચ | ૧૬૮૩૮૬૬ |
| | | | ૬૬૦૭૨૪ | વર્ષ આખરે વધારો સરવૈયામાં | ૨૨૪૯૨૪ |
| ૨૬૪૦૨૩૭ | | ૩૦૩૦૨૧૪ | ૨૬૪૦૨૩૭ | | ૩૦૩૦૨૧૪ |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ ટ્રસ્ટ નોંધણી નંબર A-૯૦૨ ભાવનગર

### ૩૧મી માર્ચ ૧૯૯૯ના રોજ પૂરા થતાં વર્ષનું સરવૈયું

| ૧૯૯૭-૯૮ | ફંડો તથા જવાબદારીઓ | ૧૯૯૮-૯૯ | ૧૯૯૭-૯૮ | મિલ્કત-લહેણું | ૧૯૯૮-૯૯ |
|---|---|---|---|---|---|
| ૧૩૭૦૩૩૨ | શ્રી ટ્રસ્ટ ફંડ | ૧૩૭૦૩૩૨ | ૧૬૭૫૫૮૨૪ | શ્રી સ્થાવર મિલ્કત | ૧૮૧૪૯૭૫૧ |
| ૯૦૧૮૪૯૦ | શ્રી કાયમી ફંડો | ૧૦૨૮૭૯૮૫ | ૧૦૨૮૯૫૦૩ | શ્રી રોકાણો | ૯૭૩૬૩૯૨ |
| ૧૬૫૦૯૫૪૧ | શ્રી ચાલુ ફંડો | ૧૬૩૯૬૪૮૧ | ૩૯૧૩૦૬ | શ્રી ડેડ સ્ટોક ફર્નીચર | ૩૯૧૩૦૬ |
| ૧૦૩૪૯૪૬ | શ્રી રૂમબ્લોકસ ડિપો | ૮૬૩૯૬૫ | ૫૧૧૧૬૮ | શ્રી જંગમ મિલ્કત | ૬૯૪૩૫૭ |
| ૯૪૦૪૮૧ | અન્ય જવાબદારી | ૮૫૭૯૯૯ | ૩૮૪૨૮૨૮ | શ્રી પુસ્તક ખાતુ | ૪૪૮૨૫૯૭ |
| ૬૩૨૬૬૨૦ | શ્રી ઉપજ બાકી | ૬૫૫૧૫૪૪ | ૧૩૮૫૬૧૦ | શ્રી જૈન અતિથિ સેવા સમિતિ | ૧૧૯૩૪૯૫ |
| ૪૨૨ | સરવૈયા ફેર | | ૧૩૫૩૬૩૮ | શ્રી અન્ય લહેણા ડીપોઝીટ | ૮૬૯૧૫૯ |
| | | | ૬૭૦૯૫૫ | શ્રી બેન્ક-બેલેન્સ-રોકડ | ૮૧૧૨૪૯ |
| ૩૫૨૦૦૮૩૨ | | ૩૬૩૨૮૩૦૬ | ૩૫૨૦૦૮૩૨ | | ૩૬૩૨૮૩૦૬ |

તા. ૭-૧૦-૯૯

ઓડિટર્સ: પી. જી. હેમાણી કું.

તા. ૧-૪-૯૮ થી તા. ૩૧-૩-૯૯ કુલ આવક વર્ષ દરમ્યાન

| | | |
|---|---|---|
| શ્રી કાયમી ફંડોમાં ઉમેરો | ૧૨૪૪૨૪૪ | ધ્રુવફંડ ખાતે આ રકમ છે. |
| શ્રી ચાલુ ફંડોમાં ઉમેરો | ૫૪૮૨૭૪ | આ રકમ જે ખાતામાં આવેલી હોય તે વાપરવા માટે |
| | ૧૭૯૨૫૧૮ | |
| દાનની આવક-ભંડાર વિ. | ૨૫૨૯૫૫૪ | આ રકમ ખર્ચ માટે વાપરવાની હોઈને તે મુજબ |
| | ૪૩૨૨૦૭૨ | ખર્ચ કરેલ છે. |

નમઃ શ્રી સીમન્ધરજિનવરાય ।

નમઃ પરમોપકારીશ્રીકહાનગુરુદેવાય ।

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

# હિસાબી–અહેવાલ (તા. ૧-૪-૯૮ થી ૩૧-૩-૯૯)

**શ્રી કહાનગુરુભક્ત શ્રી મુમુક્ષુસમાજ**

સવિનય નિવેદન કે—આપણા પરમ તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)નો લાભ લેવા આપ સૌ અવારનવાર પધારો છો. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. આ સંસ્થાનો ગયા વર્ષે તા. ૧-૭-૮૦ થી ૩૧-૩-૯૮ સુધીના ૧૮ વર્ષનો હિસાબ બુકલેટરૂપે પ્રકાશિત થયેલ છે. હવે આ સાથે તા. ૩૧-૩-૯૯ના રોજ પૂરા થતા વર્ષનો ઓડીટ થયેલ સરવૈયા-આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ; જે ઉપરથી આપ સૌને અત્રેનો વહીવટ ખ્યાલમાં આવશે.

(૧) સોનગઢ તીર્થધામમાં અનેક આયતનોનું ભવ્ય નિર્માણ થયેલ છે; અને તેનું જતન બરાબર કરવામાં આવે છે. બહારગામથી આવતા યાત્રાળુઓ આ બધા આયતનોના દર્શન કરતાં પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા હોય છે.

(૨) આપણી સંસ્થાને આ વર્ષે આવક-વ્યાજ, ભંડાર, પૂજા, રથયાત્રા વગેરેની કુલ આવક—રૂા. ૨૫,૨૯,૫૫૪ છે; જે આવકમાંથી વહીવટી ખર્ચ, મરામ્મત, રંગરોગાન, જ્ઞાનખાતું, શિક્ષણવર્ગો, મહોત્સવો વગેરે ખર્ચાઓનું આયોજન કરવામાં આવે છે. દરેક કોઈ સુવિધા વગેરેની ઘણી અપેક્ષા રાખતા હોય છે; પરંતુ મોટા ફંડ તથા મોટી આવકના અભાવને લીધે તેમની અપેક્ષા પૂરી થઈ શકતી નથી; જેથી મોટા ફંડની આવશ્યકતા ગણાય. જેથી અમો શ્રી પુસ્તકફંડ, આયતનોના જિર્ણોદ્ધાર-ફંડ વગેરે ફંડોની સ્કીમ કરી રહ્યા છીએ; જેની હવે પછી જાહેરાત કરવામાં આવશે. આ વર્ષે મહેમાનો તથા યાત્રાળુઓને ઊતરવા તથા રહેવા માટેની વધુ સગવડતા માટે લગભગ ૭૨ રૂમોનું આયોજન કર્યું છે, જેનું બાધકામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

(૩) અગાઉ દાતારો તરફથી કાયમી ભોજન-ફંડમાં રકમો લખાવેલ છે, મોંઘવારીના લીધે તેના વ્યાજમાંથી ખર્ચ પૂરો થતો નથી, જેથી હવે અમો મહોત્સવના દિવસો સિવાય નવા કોઈ કાયમી જમણ નોંધવાનું બંધ કરેલ છે, અને અગાઉ લખેલ કાયમી જમણ ફંડોની

રકમ વધારવા તથા બીજી રીતે વિચારણા કરી રહ્યા છીએ.

(૪) પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિનો લાભ લેવા આવનાર તથા કાયમી રહેનાર અત્રે શાંતિ અનુભવે છે. તેથી બધાને અત્રે વસવાટ કરવાની ભાવના રહે છે, અને તેથી નિવાસસ્થાનની માંગ ઉત્તરોત્તર વધતી જાય છે, અને કાયમ લાભ લેનારની સંખ્યા લગભગ ૩૫૦ની હાજરી રહે છે. વળી મહોત્સવોમાં, નાતાલના તથા દિવાળીના દિવસોમાં યાત્રાળુઓની અવર-જવર પણ સારી હોય છે.

(૫) આપણી સંસ્થાના ઉદ્દેશ અનુસાર મહેમાનો અને યાત્રાળુઓની રહેવા-ઊતરવાની તેમજ જમવાની વ્યવસ્થાનો વહીવટ, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ—સોનગઢ અંતર્ગત, શ્રી કહાન-સૂર્ય દિ. જૈન ભોજનસમિતિની નિમણુંક કરવામાં આવી છે; અને તા. ૨૮-૮-૯૯થી તેઓ વહીવટ કરે છે. તેમણે ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે. રસોડામાં સારી રીતે વ્યવસ્થા થવાથી સૌ પોતાનો સંતોષ વ્યક્ત કરે છે. આ નિઃશુલ્ક-ભોજન વ્યવસ્થા માટે મોટા ફંડની પણ આવશ્યકતા છે, જે માટે હવે પછી પ્રયત્ન કરવાનો રહેશે.

(૬) પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતીમાતાની સાધનાભૂમિ શ્રી સોનગઢ તીર્થધામના ઉત્કર્ષ માટે આપ સૌ તનમનધનથી સહયોગ આપી રહ્યા છો તે રીતે વધુ ને વધુ સહયોગ આપ સૌના તરફથી મળતો રહે તેવી ભાવના. સોનગઢ તીર્થધામ સૌનું છે. અહીં દરરોજ નિયમિત પૂજા-ભક્તિ, બે વખત પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ (C.D.) પ્રવચન, એક વખત શાસ્ત્રવાંચન, પૂજ્ય બહેનશ્રીની તત્વચર્ચા, આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહ સાથે અવારનવાર તત્વચર્ચા, વાર્ષિક તેમ જ માસિક તિથીઓએ સમૂહપૂજા, જન્મજયંતી વગેરે મહોત્સવો, ધાર્મિક શિક્ષણવર્ગો વગેરે દરેક કાર્યક્રમ યથાવત સારી રીતે ચાલે છે. પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ-પ્રવચનો જાણે કે પૂજ્ય ગુરુદેવશ્રી જે સાક્ષાત્ હાજર હોય એવા અદ્‌ભુત લાગે છે; જાણે સાક્ષાત ગુરુદેવશ્રીની વાણી સાંભળીએ છીએ !

આ સંસ્થાના હિસાબો જે કોઈ જોવા ઈચ્છતા હોય તેઓએ સેક્રેટરીને લેખિત જાણ કરવાથી સમય આપે તે દિવસે આપ જોઈ શકશો.

ટ્રસ્ટીઓ

તા. ૧-૧-૨૦૦૦

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

સોનગઢ.

ખુશ-ખબર ! આનન્દ-સમાચાર !

## જિનેન્દ્રભક્તિનો અનુપમ-અવસર !

## પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈની અધ્યાપન-કર્મભૂમિ સુરત (ગુજરાત) શહેરમાં

# શ્રી દિગમ્બર જિનબિમ્બ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ

અત્યંત આનન્દોલ્લાસ સાથે નિવેદન છે કે પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમજ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનના પુનિત ધર્મોપકારપ્રતાપથી ગુજરાતરાજ્યના સુરત શહેરમાં—કે જ્યાં પૂજ્ય બહેનશ્રીએ, નિર્મળ સમ્યગ્દર્શનપૂર્વક નિજ શુદ્ધાત્માનુભૂતિ પ્રગટ કર્યા પછી, ચાર માસ સુધી પોતાના મોટા ભાઈ પંડિતજીના ઘરે રહી, આત્મસાધનામાં અભિવૃદ્ધિ કરી હતી, અને જ્યાં આદરણીય પંડિતજીએ પરમાગમ સમયસારનું સાગોપાંગ ગુજરાતી ગદ્યપદ્યાનુવાદ તેમજ સમયસાર-સ્તુતિ, સમવસરણ-સ્તુતિ વગેરે અનેક ગદ્યપદ્યમય ભવ્ય રચનાઓ કરી હતી એવી ઐતિહાસિક નગરીમાં—પૂજ્ય ગુરુદેવશ્રીકાનજીસ્વામી ભક્તગણનિર્મિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરના વિસ્તૃતિકરણ-કાર્યના અંતર્ગત આદિ તીર્થકર્તા અર્હત્પરમેષ્ઠી શ્રી ઋષભનાથ, આદિ ચક્રવર્તી શ્રી ભરતેશ્વર કેવળી અને આદિ કામદેવ વીતરાગ મુનીન્દ્ર શ્રી બાહુબલીની ખડ્ગાસનસ્થ અને સોળમા તીર્થંકર, પાંચમા ચક્રવર્તી તેમજ કામદેવ શ્રી શાન્તિનાથ અને ૨૩મા તીર્થંકર તેમજ ચોથા કુમાર બ્રહ્મચારી શ્રી પાર્શ્વનાથ વિધિનાયક, ૨૨મા તીર્થંકર, ત્રીજાકુમાર બ્રહ્મચારી તેમજ સૌરાષ્ટ્રવિભૂષણ શ્રી નેમિનાથ અને અશરીરી-પરમાત્મા શ્રી સિદ્ધપરમેષ્ઠી ઇત્યાદિના વીતરાગભાવવાહી જિનેન્દ્રભગવંતોની મંગલમયી પ્રતિષ્ઠાનું આયોજન આગામી પોષ શુદ ૧૩, બુધવાર, તા. ૧૯-૧-૨૦૦૦ થી મહા વદ ૬, બુધવાર, તા.૨૬-૧-૨૦૦૦ આપણ દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યું છે.

બાહ્યમાં શ્રી જિનેન્દ્રદેવની તેમજ અંતરમાં નિજ શુદ્ધ જ્ઞાયકદેવની અનુપમ મહિમા જગવિદિત કરનાર આપણા પરમ-તારણહાર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનના સુવિશુદ્ધ ધર્મપ્રતાપથી સુસમ્પન્ન થનાર આ મંગલ મહોત્સવમાં પધારવા માટે અમારા મુમુક્ષુમંડળ તરફથી સર્વે મુમુક્ષુ સમાજને સાદર તેમજ સહૃદય નિમંત્રણ છે.

[વિધિનાયક શ્રી નેમિનાથના માતા-પિતા તથા સૌધર્મ-ઇન્દ્ર અને શચીઇન્દ્રાણી બનવાનું સૌભાગ્ય અનુક્રમે મંડળના અધ્યક્ષ શ્રી હરિભાઈ પરબતભાઈ પટેલ તેમજ તદ્ધર્મપત્ની શ્રીમતી શાન્તાબેન તથા શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ કામદાર તથા તદ્ધર્મપત્ની શ્રી ઉષાબેનને પ્રાપ્ત થયું છે.

પ્રતિષ્ઠામહોત્સવની મહત્ત્વપૂર્ણ બોલી—ઇન્દ્રોં, અહમિન્દ્રો તેમજ કુબેર વગેરેની—પ્રતિષ્ઠોત્સવના પહેલા દિવસે (પોષ સુદ ૧૩, બુધવાર, તા. ૧૯-૧-૨૦૦૦ના દિવસસે) તથા પ્રતિષ્ઠામંડપમાં શ્રી વિધિઅધ્યક્ષ શ્રી જિનબિમ્બ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણ તેમજ પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજાના ઇન્દ્રોંની બોલી તા. ૧૮-૧-૨૦૦૦, મંગળવારના દિવસે બોલવામાં આવશે.]

*નિમન્ત્રક—*

*શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ, સુરત,*

*અધ્યક્ષ—હરિભાઈ પરબતભાઈ પટેલ*

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધનું પ્રયોજન છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે, રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે.

* શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન શુદ્ધ દશામાં થયું તે વખતનું જ્ઞાન જ્ઞાયકને પણ જાણે છે ને રાગાદિને પણ જાણે છે છતાં તે જ્ઞાન પરનું નથી, તે જ્ઞાન તો જ્ઞાનનું જ છે. ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થતાં પર્યાયમાં સ્વ-પરનું જ્ઞાન પ્રગટ્યું ત્યારે પરનું જાણવું થયું તે સ્વ જ છે એટલે કે રાગ સંબંધીનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું છે કે તે રાગનું જ્ઞાન છે તેમ નથી પણ જ્ઞાનનું જ જ્ઞાનછે.

* પરની પર્યાય તો જે થવાવાળી છે તે થાય જ છે, તેને હું શું કરું? અને મારામાં જે રાગ આવે છે તેને હું શું લાવું? અને મારામાં જે શુદ્ધ પર્યાય આવવાની તેને કરું—લાવું એવા વિકલ્પથી પણ શું? પોતાની પર્યાયમાં થવાવાળો રાગ અને થવાવાળી શુદ્ધ પર્યાયના કર્તૃત્વનો વિકલ્પ એ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવવું એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.

* શરીર તો એકબાજુ રહી ગયું પણ ખંડખંડ જ્ઞાન જે પર્યાયમાં હોય છે એ [illegible] જ્ઞાયકનું પરજ્ઞેય છે. તે ભાવેન્દ્રિયને કેવી રીતે જીતવામાં આવી કહેવાય? કે પ્રતીતિમાં આવતી અખંડ એક ચૈતન્યશક્તિ, ત્રિકાળી જ્ઞાયકશક્તિ, ધ્રુવશક્તિ તેના વડે, જે ભિન્ન છે તેને, સર્વથા પોતાથી ભિન્ન કરવાથી ભાવેન્દ્રિયનું જીતવું થાય છે. રાગ ને પુણ્ય-પાપના વિકલ્પની વાત તો ક્યાંય રહી ગઈ પણ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ક્ષયોપશમનો અંશ પ્રગટ છે એ ભાવેન્દ્રિયને પ્રતીતિમાં આવતાં અખંડ એક જ્ઞાયકપણા વડે સર્વથા ભિન્ન જાણો—એનું નામ ભેદવિજ્ઞાન છે.

*

# * હું મમતારહિત છું *

તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલ-દ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય-પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું.

—સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રી

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]